Extra No. 102

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, MARCH 10, 2026 / PHALGUNA 19, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

જાહેર નોટિસ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી માર્ચ, ૨૦૨૬

ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૭૭)-૩૨૦૨૬-ક-૫૯૭૨ થી ૬૧૩૬:- ગુજરાત રાજ્યમાં રચાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ અને તેને આનુષાંગિક બાબતો માટે રાજકીય પક્ષોની નોંધણી માટે જોગવાઇઓ કરવા બાબતના રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૯-૧૧-૨૦૧૧ના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧-૧૧૨૦૧૧-કના ફકરા નં. ૪ હેઠળ જાહેર નોટિસ.

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ અને ૨૪૩-વ.ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યમાં યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧-૧૧૨૦૧૧-ક, તા.૧૯-૧૧-૨૦૧૧ ના ફકરા-૪માં નિર્દેશ કર્યા પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી નોંધણી માટે રાજ્ય ચૂંટણી આયોગને અરજી મળેલ છે. જેમાં પક્ષનું નામ, સરનામું, પ્રમુખના નામ-સરનામાની વિગત નીચે પ્રમાણે છે:

(૧) પક્ષનું નામ :- માલવા કોંગ્રેસ

(૨) સરનામું :- ૧૮, નિલાબર આર્કોન, નવરચના યુનિવર્સિટી પાસે, ભાયલી, વડોદરા-૩૯૧૪૧૦

(૩) પક્ષના અધ્યક્ષ/પ્રમુખનું નામ/સરનામું :- શ્રી મહેન્દ્ર રાવ

૧૩૩, સ્નેહ નગર, સપના-સંગીતા રોડ,

ઈન્દોર, મધ્યપ્રદેશ-૪૫૨૦૦૧

(૪) માંગણી કરેલ પ્રતીકની વિગત :- 'માઈક'

ઉપર્યુક્ત પક્ષે રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૯-૧૧-૨૦૧૧ના આદેશથી નક્કી કરેલ જરૂરિયાત પ્રમાણેની વિગતો રજૂ કરેલ છે. તદનુસાર રાજ્ય ચૂંટણી આયોગે કેટલીક શરતો/ નિયંત્રણો સાથે પક્ષને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે નોંધાયેલ **અમાન્ય રાજકીય પક્ષ** તરીકે નોંધણી કરવા તથા રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૮-૦૨-૨૦૧૨ના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.૨૨૧(૧) ૨૨૦૧૨-ક તથા સુધારા આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૨૨૧(૧)-૧૨૦૧૮-ક, તા. ૨૨-૦૧-૨૦૧૮ અન્વયે માંગણી મુજબનું પ્રતીક પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે ફાળવવા વિચારેલ છે, તો આ પક્ષની નોંધણી કરવા સામે અને/અથવા ઉક્ત પ્રતીક સદર પક્ષને કામચલાઉ ધોરણે ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ ને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત દરમ્યાન જો કોઈ વાંધા, સલાહ, સૂચન મળશે તો રાજ્ય ચૂંટણી આયોગ તેની વિચારણા કરી, આગળની કાર્યવાહી કરશે. મુદત પૂરી થયા બાદ મળેલ વાંધા, સલાહ, સૂચન ધ્યાને લીધા સિવાય અથવા મુદત દરમ્યાન જો કોઈ વાંધો, સલાહ, સૂચન મળેલ નહીં હશે તો રજૂઆત કરનાર પક્ષની નોંધણી કરવા માટે અને માંગણી મુજબ પ્રતીક કામચલાઉ ધોરણે ફાળવવા રાજ્ય ચૂંટણી આયોગ યોગ્ય નિર્ણય લેશે તેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

'માઈક' પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.03.17 21:47:33 IST